હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી.

ફોન નં. ડાયરેકટ [O] (૦૨૬૩૭) ૨૮૨૭૬૫
પીબીએક્ષ ૨૮૨૭૭૧–૭૫ એક્ષ.૧૧૬૬
મોબાઈલ [M] ૯૮૨૫૦ ૪૩૭૫૮
ઈમેઈલ comptnau08@yahoo.com

શ્રી યુ.પી.ચૌધરી
હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રી

જા.નં. નકૃયુ/કોમ્પટ/કંટ્રોલ/૬૨૪૭–૬૩૦૦/ /૨૦૧૨ તા.૯ /૦૫/૨૦૧૨

# :: પરિપત્ર ::

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી ના યુનિટ/સબયુનિટ અધિકારીઓ કે જે (માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ના એકટ હેઠળ જાહેર થયેલ માહિતી અધિકારી) માહિતી અધિકારી તરીકે ડિકલેર થયેલ છે નામદાર ગુજરાત સરકારશ્રીની માહિતી અધિકાર અંગેના વખતોવખત ઠરાવો કરેલ છે તે આધારે સંબંધિત અરજદારને માહિતી પૂરી પાડવા બંધાયેલ છે.નામદાર ગુજરાત સરકારશ્રીના તા. ૫–૧–૨૦૦૬ ના ઠરાવ માં કરેલ જોગવાઈ મુજબ ના બજેટ સદર મુજબ

| | |
|---|---|
| માંગણી નંબર | |
| મુખ્ય સદર | ૦૦૭૦–અન્ય વહીવટી સેવાઓ |
| પેટા મુખ્ય સદર | ૬૦–અન્ય સેવાઓ |
| ગૌણ સદર | ૮૦૦– અન્ય આવકો |
| પેટા સદર | (૧૭)– માહિતી મેળવવાના અધિકારનો કાયદો/ નિયમો નીચે ફી તથા અન્ય ચાર્જીસની આવક. |

**ગુજરાત રાજયની કોઈ પણ SBI ની શાખામાં નાણાં જમા કરાવી અસલ ચલણ સંબધિત કચેરીમાં રજુ કર્યેથી જે તે અધિકારી દ્વારા માહિતી પુરી પાડવામાં આવશે અથવા સ્ટેટ બેંક ઓફ ઈંડિયા ફુવારા બ્રાંચ નવસારી માં રોકડ થી નાણાં જમા કરાવી શકાય તે રીતે ના IPO / DD મેળવી અથવા રોકડથી નાણાં સ્વીકારી ઉપર મુજબ આ બજેટ સદર હેઠળ નાણાં જમા કર્યેથી માહિતી આપવા ની ફી સ્વીકાર્ય ગણાશે** તો તે મુજબની કાર્યપ્રથા આપનાવવા સર્વે માહિતી અધિકારીશ્રીઓને વિનંતી કરવામાં આવે છે.

અનુભવે એવું જણાય છે કે ઘણા માહિતી અધિકારીશ્રીઓ તરફથી IPO / DD NAU ફંડ એકાઉન્ટ ના નામે મંગાવવામાં આવે છે તે કાર્યપ્રથા બરાબર નથી આ પ્રકારના IPO / DDઅનુક્રમે પોસ્ટ ઓફિસમાંથી કે બેંકમાંથી વટાવીશકાય તે રીતે મંગાવી રોકડ નાણાં મેળવવાના હોય છે. તે રોકડ નાણાં નામદાર સરકારશ્રીએ નિયત કરેલ બજેટ સદરે ચલણથી નાણાં જમા કરવાના હોય છે તે પ્રકારે IPO / DD મંગાવવા જોઈએ જેથી બીન જરૂરી યુનિવર્સિટી ફંડમા નાણા જમા કરાવવાથી રીસીપ્ટ તરીકે જમા થાય છે.તે નિયમોચિત નથી અને આવા નાણાં SBI ફુવારા માં જમા કરાવવા માટે યુનિવર્સિટી ફંડમાંથી નાણાં ઉગવી ચલણથી નાણાં ભરવાની ફરજ પડે છે. આમ યુનિવર્સિટી ગ્રાન્ટ માંથી ખર્ચ કરી RTI ની ફી ભરવા માટે ખર્ચ કરવાની ફરજ પડે છે તે નિયમ મુજબ નથી આ મુશ્કેલી નિવારવા માટે ઉપર બોલ્ડ અક્ષરે કરવામાં આવેલ કાર્યરીતી અપનાવવા જણાવવામાં આવે છે.

આ શાખાની નોંધ ઉપર માનનીય કુલપતિશ્રીની મંજુરી મેળવી પરિપત્ર જારી કરવામાં આવેલ છે.

હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક

**સવિનય નકલ રવાના :–**

૧) કુલસચિવશ્રી , નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી
૨) યુનિટ/સબયુનિટ તમામ અધિકારીશ્રીઓ ,નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી
૩) પરિપત્ર ની ફાઈલ
૪) સિલેકટ ફાઈલ

સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ વહસ–૨૦૦૫–૪૫૦–આર.ટી.આઈ.સેલ,
સચિવાલય,ગાંધીનગર
તારીખઃ–૦૫–૦૧–૨૦૦૬

વંચાણે લીધો :–

૧: વિભાગનો સરખા ક્રમાંકનો પરિપત્ર, તા. ૨૦–૧૦–૨૦૦૫.
૨: નાણાં વિભાગનો પત્ર ક્રમાંકઃ ઓએનએસ–૧૦૨૦૦૫–૫૧૬૧–(૧૩૦)–ક.તા.૦૮–૧૨–૨૦૦૫
૩. એકાઉન્ટન્ટ જનરલશ્રી(એકાઉન્ટસ એન્ડ એન્ટાઈટલમેન્ટ), રાજકોટના તા.૩૦–૧૧–૨૦૦૫ના પત્રાંકઃટીએમ/પ્રપોઝલ/ઓએનએસ/૦૦૭૦/ઓડબલ્યુ–૪૨૮.

પ રિ પ ત્ર :–

માહિતી (મેળવવાના) અધિકારના કાયદા / નિયમ હેઠળ માહિતી મેળવવા માગતી વ્યકિતએ ઠરાવેલી ફી સાથે અરજી કરવાની રહે છે. આવી અરજી મળ્યેથી સબંધિત જાહેર માહિતી અધિકારીએ માગેલ માહિતી / દસ્તાવેજો પુરા પાડવાના અને તે માટેના નકકી કરેલા ચાર્જીસ વસુલ કરવાના રહે છે.

૨. ઉપરની હકીકતે આ અંગેની ફી તેમજ અન્ય ચાર્જીસની જે આવક થાય તે કયા નવા બજેટ સદરે જમા કરાવવી તે બાબત એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટના પરામર્શમાં વિચારણા હેઠળ હતી. તે દરમિયાન આમુખ–(૧) માં દર્શાવેલ તા. ૨૦–૧૦–૨૦૦૫ના પરિપત્રથી કામચલાઉ બજેટ સદર આ હેતુ માટે નકકી કરવામાં આવેલ હતુ.

૩. આમુખ–(૨)માં દર્શાવેલ નાણાં વિભાગના તા. ૦૮–૧૨–૨૦૦૫ના પત્રમાં જણાવ્યા મુજબ આ હેતુ માટેના બજેટ સદર ની એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ તરફથી આમુખ–૩ માં દર્શાવેલ તા. ૩૦–૧૧–૨૦૦૫ના પત્રથી મંજુરી મળી ગયેલ હોઈ, આ કાયદા / નિયમો નીચે અરજી ફી, નકલ ફી તથા અન્ય ચાર્જીસની જે આવક થાય તે નીચે મુજબના બજેટ સદરે જમા કરવા / કરાવવા આથી જણાવવામાં આવે છે.

| | |
|---|---|
| Demand No | - |
| Major Head | 0070-Other Administrstive Services |
| Sub-Major Head | 60-Other Services |
| Minor-Head | 800-Other Receipt |
| Sub-Head | (17) Fees 7 Other Charges under the Right to Informantion Act / Rules |

| | |
|---|---|
| માંગણી નંબર | – |
| મુખ્ય સદર | ૦૦૭૦–અન્ય વહીવટી સેવાઓ |
| પેટા મુખ્ય સદર | ૬૦–અન્ય સેવાઓ |
| ગૌણ સદર | ૮૦૦–અન્ય આવકો |
| પેટા સદર | (૧૭)–માહિતીી મેળવવાના અધિકારનો કાયદો / નિયમો નીચે ફી તથા અન્ય ચાર્જીસની આવક. |

૪. આ અંગેની જે કોઈ આવક થાય તે અંગેનો હિસાબ / માહિતી સબંધિત નિયંત્રણ અધિકારીશ્રીઓએ અલગ રીતે જાળવવાની રહેશે. તદ્ઉપરાંત એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટની કચેરી ખાતે હિસાબી મેળવણાની કામગીરી પણ વખતોવખત થાય તેની તકેદારી રાખવાની રહેશે. આ બાબત સર્વે વિભાગોએ તેઓના તાબા હેઠળના ખાતાના વડાઓ અને સર્વે કચેરીઓના ધ્યાને લાવવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/–
સી.એસ.ઉપાધ્યાય
સરકારના નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ

......૨/–

D:\vrunda\Rexaben(cash)\letter.doc